| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૯/૧૨/૨૦૨૧ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૨૩૪/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૦૮/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૨૮ | ૧ | ૧૧૭૨૯ | ૧૭૮૩૮ | ૧ | ૧૭૮૩૯ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૪ | ૦ | ૧૨૪ | ૩૯૭ | ૦ | ૩૯૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૪૫૮૦ | ૨૭ | ૭૪૬૦૭ | ૭૫૬૯૦ | ૨૭ | ૭૫૭૧૭ |
| કુલ | | ૯૧૧૬૫ | ૨૮ | ૯૧૧૯૩ | ૧૦૦૨૦૭ | ૨૮ | ૧૦૦૨૩૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૧ | ૪,૫૪,૧૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૦૨ | ૩,૦૨,૦૦૦/- |

# રમત-ગમત

## ડી.જી.પી.કપ ટુર્નામેન્ટની વિગત

પોલીસ વિભાગમાં સને ૧૯૯૪ થી પોલીસ અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓમાં એકબીજા સાથે ખેલદિલીની ભાવાના વિકસે, સ્પર્ધાત્મક વાતાવરણ ઉભુ થાય તથા પરસ્પર સહકારની ભાવના વધે તેમજ પોલીસમાં પરસ્પર કામની સરળતા રહે હેતુ સર દર વર્ષે ડીજીપી ક્રિકેટ કપ ૫૦ ઓવર તેમજ ટી-૨૦ નું આયોજન કરવામાં આવે છે. સને ૨૦૨૦-૨૦૨૧ ના ૨૭ માં ૫૦ ઓવર તેમજ ૧૪ મી ટી-૨૦ ડીજીપી કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૧ ટીમોએ ભાગ લીધેલ અને સદર ટુર્નામેન્ટ ગુજરાતના વિવિધ શહેરો તેમજ જીલ્લા યુનિટોના મેદાનોમાં રમાડવામાં આવેલ. જેમાં પોલીસ કમિશનરશ્રી સંજય શ્રીવાસ્તવ નાઓના સચોટ માર્ગદર્શન તેમજ અધિક પોલીસ કમિશનર સેક્ટર–૧ શ્રી રાજેન્દ્ર અસારી તેમજ અમદાવાદ પોલીસ ક્રિકેટ ટીમના કેપ્ટન એસીપી શ્રી જીતેન્દ્ર યાદવનાઓના સીધા માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર પોલીસ ક્રિકેટ ટીમે ફાઈનલમાં પ્રવેશ મેળવેલ પરંતુ કોરોના મહામારીના કારણે ૨૭ માં ડીજીપી કપ ૫૦ ઓવર ટુર્નામેન્ટમની અમદાવાદ શહેર પોલીસ ક્રિકેટ ટીમ તેમજ વડોદરા રેન્જ પોલીસ ક્રિકેટ ટીમની ફાઈનલ મેચનું આયોજન થઈ શકેલ નહિ અને હાલમાં વાતાવરણ અનુકુળ થતા આ ફાઈનલ મેચ શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડીયમ મોટેરા અમદાવાદ ખાતે ગત તા. ૩/૧૨/૨૦૨૧ ના રોજ અમદાવાદ શહેર પોલીસ ક્રિકેટ ટીમ અને વડોદરા રેન્જ પોલીસ ક્રિકેટ ટીમ વચ્ચે રમાયેલ જેમાં અમદાવાદ શહેર પોલીસ ક્રિકેટ ટીમે પ્રથમ ટોસ જીતી બોલીંગ કરવાનો નિર્ણય લીધેલ જેમાં વડોદરા રેન્જ ક્રિકેટ ટીમે ૪૦.૩ ઓવરમાં કુલ ૨૦૩ રન બનાવી ઓલ આઉટ થયેલ જેમાં વડોદરા રેન્જ પોલીસ ક્રિકેટ ટીમ વતી ઓપનર પ્રિયાંક બરંડા ૩૯ રન, બટુક રાવલ ૪૨, વિશાલ વસાવા ૩૪ તેમજ કિરણ ચૌહાણ ૩૮ રન બનાવેલ અને અમદાવાદ શહેર વતી હિરેન દત્ત ૪ વિકેટ તેમજ નિતેશ ઓડ અને એઝાઝ પઠાણ ૨-૨ વિકેટ લીધેલ ત્યાર બાદ અમદાવાદ શહેર પોલીસ ક્રિકેટ ટીમે બીજી બેટીંગમાં નિર્ધારીત ૪૨ ઓવરમાં ૩ વિકેટે ૨૦૪ રન કરી ફાઈનલ મેચમાં ભવ્ય વિજય મેળવેલ જેમાં અમદાવાદ શહેર ક્રિકેટ ટીમ વતી દિપક કાલીયા ૪૦, તૌસીફ ચૌહાણ ૬૫, લાઈન બોય નિર્ભય ભુનેતર ૪૬ રન નો.આ. તેમજ વિષ્ણુ રબારી ૩૬ રન નો.આ. બનાવેલ અને વડોદરા રેન્જ ક્રિકેટ ટીમ વતી પ્રિયાંક બરંડા, વિશાલ વસાવા તેમજ શૈલેષ વસાવાનાઓએ ૧-૧-૧ વિકેટ લીધેલ.

સદર ફાઈનલ મેચમાં અમદાવાદ શહેર પોલીસ ક્રિકેટ ટીમના હિરેન દત્તનાઓએ ૪ મહત્વની વિકેટ લેવા બદલ મેન ઓફ ધ મેચ તેમજ ટુર્નામેન્ટમાં સારી ફિલ્ડીંગ કરવા બદલ બેસ્ટ ફિલ્ડર જાહેર કરવામાં આવેલ અને સદર ટુર્નામેન્ટમાં નિતેશ ઓડનાઓએ સુંદર પ્રદર્શન કરેલ. જેઓએ કુલ ૭ મેચમાંથી ૬ મેચમાં મેન ઓફ મેચ તેમજ સદર ટુર્નામેન્ટમાં કુલ – ૩૭ વિકેટો ઝડપી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ મેન ઓફ ધ સીરીઝ તેમજ બેસ્ટ બોલર ઓફ ધી ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવેલ.

ડીજીપી કપની ૫૦ ઓવરની વન-ડે ફાયનલ મેચ તેમજ ટી-૨૦ ફાયનલ મેચના ઇનામ વિતરણ સમારંભમાં ગુજરાત રાજ્યના ડી.જી.પી.શ્રી આશિષ ભાટીયા, અમદાવાદ શહેર સી.પી.શ્રી સંજય શ્રીવાસ્તવ, સુરત શહેર સી.પી.શ્રી અજયકુમાર તોમર, પોલીસ ટ્રેનિંગ ડી.જી.પી.શ્રી વિકાસ સહાય, જેલ વિભાગ એડીશન ડી.જી.પી. શ્રી ડૉ.કે.એલ.એન.રાવ, આર્મ યુનિટ ડી.જી.પી.શ્રી રાજુ ભાર્ગવ, ઇન્ટેલીજન્સ બ્રાંચ આઇ.જી.પી.શ્રી અનુપમસિંહ ગેહલોત, આર્મ યુનિટ આઇ.જી.શ્રી પીયુષ પટેલ, તેમજ અન્ય આઇ.પી.એસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી ખેલાડીઓ તથા ટીમને ઇનામ વિતરણ કરી પ્રોત્સાહન પુરુ પાડેલ હતુ.

સમગ્ર ડી.જી.પી. કપ ટુર્નામેન્ટનુ આયોજન નોડલ અધિકારી ડી.જી.પી.કપ ક્રિકેટ ટુર્નામેન્ટ શ્રી રાજેન્દ્ર અસારી દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવેલ હતું.






# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે સન્ની ભગવાનસિંગ જાતે કુશ્વાહ ઉ.વ.૨૬ રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં, શુભમ હોસ્પિટલ પાસે, કલાપીનગર મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૧૦૬૮૬/૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૧૬૫/૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૩૭/૨૦૨૧ તા.૦૮/૧૨/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૮/૧૨/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૦૮/૧૨/૨૦૨૧

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ. હરકટ

(૨) લોકરક્ષક રીતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫

(૩) લોકરક્ષક પાર્થ ધર્મેન્દ્રકુમાર બ.નં.૧૧૬૪૮

(૪) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૫) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૩૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૭ લીટર દેશી દારૂ, ૨૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૩૭/૨૦૨૧**

**વાડજઃ** ભુપેન્દ્રભાઇ નટવરલાલ સોની (ઉ.વ.૪૦) (રહે. નિશાન પ્રાઇન્ટ ખોડીયાર મંદિરની બાજુમાં ન્યુ રાણીપ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ભુપેન્દ્રભાઈ સોની ઉસ્માનપુરા મ્યુનીસીપાલીટી ઓફીસના પહેલા માળે સોનીનો ધંધો કરતા હોઈ તા.૦૮/૧૨/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૯૨૪૨૨૯૨૫૨ ના ધારકે ભુપેન્દ્રભાઈ સોનીને ફોન કરી પોતાનુ નામ વિજયભાઇ દવે જણાવી ભુપેન્દ્રભાઈ સોનીને વિશ્વાસમાં લઈ ૮૦ ગ્રામ સોનાના બિસ્કીટ કિમત રૂપિયા ૩,૯૯,૬૦૦/- લેવા માટે ઓર્ડર આપ્યો હતો. ત્યારબાદ ઓર્ડર મુજબ સોનાનો બિસ્કીટ લેવા આવેલ પુરૂષ સોનાના બિસ્કીટ મેળવી લઈ તે પૈકીના રૂપિયા પ્લાસ્ટીકની બેગમાં આપી જતો રહ્યો હતો. જે પ્લાસ્ટીકની બેગ ખોલીને જોતા જેમાં નાના છોકરાઓને રમવાની ખોટી નોટોનુ બંડલ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** ભાવિકા વા/ઓ જયેશભાઇ શુક્લા (ઉ.વ.૪૧) (રહે. હેપી હોમ એપાર્ટમેન્ટ શાસ્ત્રીનગર નારણપુરા) એ તા.૦૧/૧૧/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે ભાવિકા શુકલાએ તેમનુ એસ.બી.આઇ.યોનો નેટ બેંકીંગ બંધ હોય જે ચાલું કરવા માટે તા.૦૧/૧૧/૨૦૨૧ ના રોજ ગુગલમાંથી કસ્ટમર કેર નંબર ૭૮૪૮૮૬૫૫૯૮ મેળવી નેટ બેંકીંગ ચાલુ કરવાની વાત કરતા મોબાઈલ નંબર ૭૮૪૮૮૬૫૫૯૮ ના ધારકે ડેસ્ક એપ ડાઉનલોડ કરાવી પ્રોસેસ કરાવી ભાવિકાબહેનના મોબાઈલમાં આવેલ નવ ડીઝીટનો નંબર મેળવી લઈ મોબાઇલ ફોનનું એક્સેસ મેળવી લઇ ભાવિકાબહેનના બેંક ખાતામાંથી અલગ-અલગ બેંક ખાતામાં ઓનલાઇન ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૭,૭૧,૦૦૦/- ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૮/૨૦૨૧**

**સોલા હાઈકોર્ટઃ** કુણાલભાઇ સ/ઓ રાજેશભાઇ શાહ (રહે. વસંત સોસાયટી બેન્ક ઓફ બરોડા પાછળ ઉસ્માનપુરા) એ તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન સત્વ ચાંદલોડીયા એલીગન્સ કોમ્પ્લેક્ષમાં શાશ્વત જ્વેલર્સ નામની પોતાની દુકાનમાં ખરીદી કરવા આવેલ સ્ત્રી-પુરૂષ કુણાલભાઇ શાહની નજર ચુકવી દુકાનમાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૯/૨૦૨૧**

**શાહપુરઃ** દીપ સ/ઓ જયેશકુમાર ગજ્જર (ઉવ.૨૨) (રહે. શ્રીનગર સોસાયટી કેશવબાગ વાડી પાસે નવવાડજ) તા.૦૮/૧૨/૨૦૨૧ સવારના ૪/૩૦ વાગ્યાના સુમારે શાહપુર રંગીલા પોલીસ ચોકી નજીકથી પોતાનુ મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યા પુરૂષે થોડે આગલ જવા માટેનુ કહેતા દીપ ગજ્જરે મોટર સાયકલ ઉભુ રાખી તેને બેસાડી કુરેશી ચોક આવતા મોટર સાયકલ ઉભુ રખાવ્યુ હતુ. જયાં એક્સેસ જેવા સ્કુટર ઉપર આવેલ અન્ય બે પુરૂષોએ ભેગા મળી દીપ ગજ્જરને કુરેશી ચોક પાસે આવેલ ગલીમાં લઈ જઈ દીપ ગજ્જરને ધમકાવી દીપ ગજ્જર પાસેથી ચાંદીની ચાર વીંટીઓ, ચાંદીની ચેઈન, મોબાઈલ ચાર્જર, પાવર બેંક, ઈયરફોન અને હિરો હોંડા કંપનીનુ પેશન પ્લસ મોટર સાયકલ નંબર જીજે ૦૧ ઈએમ ૮૦૧ મળી કુલ કિમત રૂપિયા ૧૭,૦૦૦/- લુંટ કરી કુરેશી ચોકથી દીપ ગજ્જરને તેમના સ્કુટર ઉપર બેસાડી વાડજ ખાતે ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દીપ ગજ્જરે શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.સિસોદિયા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૦/૨૦૨૧**

**વાડજઃ** નર્મદાબહેન વા/ઓ જીતેન્દ્રભાઇ વાજા (ઉ.વ.૫૦) (રહે. હાલારનગર સોરાબજી કમ્પાઉન્ડ જુના વાડજ) તા.૦૭/૧૨/૨૦૨૧ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે જુનાવાડજ ચેહરમાતાના મંદીર પાછળ જૈન સોસાયટી સ્થાનકવાસી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ એક પુરૂષ સરનામું પુછવાના બહાને નર્મદાબહેન નજીક આવી ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નર્મદાબહેન વાજાએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**બીજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૧/૨૦૨૧**

**ગોમતીપુરઃ** દિનેશભાઈ કરશનભાઈ પરમાર (ઉ.વ.૫૬) (રહે.નરસિંહનગર અમરાઈવાડી) તા.૦૮/૧૨/૨૦૨૧ બપોરના ૧/30 વાગ્યાના સુમારે ગોમતીપુર આમ્રપાલી સિનેમા સામે નુરભાઇ ધોબીની ચાલીમાં કેફ ગારમમેન્ટ ઉપર બીજા માળે કડીયાકામ કરતા હતા ત્યારે બીજા માળથી નીચે પડી જતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૨/૨૦૨૧**

**સરખેજઃ** સુખરાની વા/ઓ વિકાસ પ્રજાપતિ (ઉ.વ.૧૯) (રહે.મહાકાળીનગરનો ટેકરો ગાયત્રીનગર સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૧ સવારના ૧૧/૧૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડના પાઈપમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “એમ” ડીવીઝન ચલાવે છે.

**અમરાઈવાડીઃ** રવિભાઈ રાજેન્દ્રભાઈ કોષ્ટી (ઉ.વ.૩૫) (રહે. આસોપાલવનગર અશ્વમેઘ સ્કુલ સામે અંબિકા રોડ હાટકેશ્વર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૧ બપોરના ૪/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડની એંગલમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** સંદીપભાઈ અશોકભાઈ સિન્દે (ઉ.વ.૪૫)(રહે. ગીરીરાજનગર સોસાયટી આદિનાથનગર સામે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૧ કલાક ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં વિજ વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.